## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**મારુ ચોક્કસપણે માનવું છે કે સિંહના મોત માટે રાજકારણ ન જ હોવું જોઈએ... રાજકારણને લીધે સિંહના મોત થાય એ જુદી વાત છે.**

# શહેરમાં વસતા પરપ્રાંતિયોને ૪૮ કલાકનું અલ્ટીમેટમ

ગાંધીનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામે તાજેતરમાં એક ફેકટરીમાં કામ કરતા પરપ્રાંતિય મજુરે એક ૧૪ માસની દિકરી પર દુષ્કર્મ ગુજારી અવાવરૂ જગ્યા એ ફેંકી દીધી હતી. દુષ્કર્મ કરનાર યુવાન નાસી ગયો હતો પરંતુ પોલીસની સતર્કતાથી તે પકડાઈ ગયો હતો. પરપ્રાંતિય યુવાન દ્વારા આચરવામાં આવેલા અત્યાચારના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યા છે. જેથી આગામી દિવસોમાં આ પ્રકારની ઘટના ન બને તે માટે ગાંધીનગર જિલ્લા ઠાકોર સેના દ્વારા ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા પરપ્રાંતિયોને ઘર છોડી જવા માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. જયારે વાવોલ ક્ષત્રિય ઠાકોર સેના અને ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયતને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

તાજેતરમાં હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામે બનેલી દુષ્કર્મની ઘટનાના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યા છે. ત્યારે આરોપીને કડકમાં કડક સજા થાય તે માટે ઠેરઠેર ઠાકોર સેના દ્વારા તંત્રને આવેદન પત્ર આપવામાં આવ્યા છે, તો બીજી તરફ સમગ્ર ગુજરાતના નાગરીકો દ્વારા શહેરી વિસ્તાર સહિત જિલ્લા-તાલુકા કક્ષાએ કેન્ડલ માર્ચ યોજીને આરોપીને ફાંસીની સજાની માંગ કરી રહ્યા છે. ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોએ શહેરના સેકટર-૧૫ ફતેપુરા, સે-૨૪, ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, વાવોલ, ઉવારસદ, સહિતના વિસ્તારોમાં વસવાટ કરતા અને વેપાર-રોજગાર અને મજુરી કામ કરતા પરપ્રાંતિય નાગરીકોને ઘર છોડી જવા માટે ઠાકોર સેના અને ગ્રામજનો દ્વારા ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે.

ત્યારે કેટલાક પરપ્રાંતિય નાગરીકો ઘર છોડીને પોતાના વતનની વાટ પકડી લીધી છે, તો કેટલાક તૈયારી કરી રહ્યા છે. જો પરપ્રાંતિયો ૪૮ કલાકમાં ઘર છોડીને જતા નહીં રહે તો ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે. જયારે આજે વાવોલ ક્ષત્રિય ઠાકોર સેના અને ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયત ખાતે આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી. જયારે ૪૮ કલાકના અલ્ટીમેટમને પગલે પરપ્રાંતિયોમાં પણ ભયનો માહોલ પ્રસરી જવા પામ્યો છે.

## ગુજરાતના પ્રતિનિધિ મંડળે યુ.એસ સ્થિત વૉશિંગ્ટન ડી.સી.માં વિશ્વ બેંક અને આઈએમએફના અધિકારીઓની મુલાકાત લીધી

યુ.એસ.-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (યુએસઆઈએસપીએફ) દ્વારા 'વાયબ્રન્ટ ગુજરાત - શેપિંગ અ ન્યૂ ઈન્ડિયા' વિષય પર મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીના દિવસે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં રાજ્ય સરકારના નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ સહિતનું પ્રતિનિધિ મંડળ ઉપસ્થિત રહયું હતું. જેમાં 'શેપિંગ અ ન્યૂ ઈન્ડિયા' વિષય પર વિવિધ દ્રષ્ટિકોણ વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી તેમજ નીતિ નિર્માતાઓ અને ભવ્ય ભારતના નિર્માણમાં મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાત શું ભૂમિકા ભજવે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે નિમિત્તે એમ્બેસેડર કાર્લા હિલ્સે કહ્યું હતું કે, ભારતને આર્થિક રીતે સદ્ધર બનાવવામાં ગુજરાતનું યોગદાન અમૂલ્ય છે. જેમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી વાયબ્રન્ટ ગુજરાત સમિટ ગુજરાતની આર્થિક સફળતાનું મુખ્ય કારણ છે.



**સાઈની અન્ડર-૧૯ હેન્ડબોલ ટીમો ચેમ્પિયન**

તાજેતરમાં શેરથા ખાતે યોજાયેલ ગુજરાત રાજ્યકક્ષાની હેન્ડબૉલ ટૂર્નામેન્ટમાં સાઈની અન્ડર-૧૯ કેટેગરીની બૉયઝ ટીમે ફાઈનલમાં ભૂજની ટીમને ૦૮-૦૩ના સ્કોરથી હરાવી ગોલ્ડમેડલ જીત્યો હતો. આ સાથે સાઈની અન્ડર-૧૯ કેટેગરીની ગર્લ્સ ટીમે પણ ભાવનગર ગ્રામ્ય ટીમને ૦૬-૦૩ના સ્કોરથી હરાવી ગોલ્ડમેડલ હાંસલ કર્યો હતો. બૉયઝ ટીમને કોચ શનિમોહન ધુમાલ તથા એસ. કે. દરિયાએ જ્યારે ગર્લ્સ ટીમને મહેશ્વરી ધુમાલે તાલીમ આપી હતી.




રાસ-ગરબાનો રસથાળ - નવરાત્રીના આગમનની સાથે નગરમાં નવરાત્રીનો માહોલ જામ્યો છે... ગાંધીનગર ખાતે બે દિવસથી ચાલી રહેલી રાજ્યકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં બીજા દિવસે પણ વિવિધ વિસ્તારોની રાસ-ગરબા મંડળીઓ અદભૂત કૃતિઓ રજૂ કરી હતી. રાસ-ગરબા સ્પર્ધામાં દરરોજ અર્વાચીન-પ્રાચીન અને રાસની કૃતિઓ રજૂ થાય છે...

## સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાપર્ણનો મહિમા ઉજાગર કરી સરદાર સાહેબનો એકતા અખંડિતતાનો સંદેશ

**રાજ્યના ૧૦ હજાર ગામોમાં પ્રસરાવતી એકતા યાત્રા બે તબક્કામાં યોજાશે : ગાંધીનગરમાં મુખ્યમંત્રીએ એકતા યાત્રાની સંપૂર્ણ માહિતી આપતી વેબસાઇટનું લોન્ચિંગ કર્યુ**

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આગામી ૩૧-ઓકટોબર સરદાર પટેલ જ્યંતિએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રને અર્પણ થનારી સરદાર સાહેબની વિરાટત્તમ પ્રતિમા વિશ્વના સૌથી ઊંચા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''ના લોકાર્પણ પૂર્વે સરદાર સાહેબનો એકતા અને અખંડિતતાનો સંદેશ ગામેગામ ઘરે ઘરે ગુંજતો કરવા બે તબક્કામાં યોજાનારી એકતા યાત્રાની વેબ સાઈટનું ગાંધીનગરમાં લોન્ચિંગ કર્યુ હતું.

Ektayatra.comની આ વેબ સાઈટમાં એકતા યાત્રાના હેતુઓ ઉદ્દેશ્ય અને વિગતવાર કાર્યક્રમોની માહિતી ઉપલબ્ધ થવાની છે.

''એક ભારત શ્રેષ્ઠ ભારત''ના સ્વપ્નદ્રષ્ટા લોહપુરૂષ સરદાર સાહેબના રાષ્ટ્ર માટે સમર્પણ અને યોગદાનને જન-જન સુધી ઉજાગર કરવા ઓકટોબર અને નવેમ્બર માસ દરમિયાન રાજયના ૧૦ હજારથી વધુ ગામોમાં આ એકતા યાત્રા વિશેષ રથ સાથે યોજાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદઘાટન એક સંભારણું બને તેવા ભવ્ય કાર્યક્રમ, સરદાર પટેલના સંદેશને હાલના જનજીવનમાં તેની અગત્યતા સાથે લોકો સુધી પહોંચાડવા, સક્ષમ અને અખંડ ભારત માટે ધાર્મિક સંવાદિતાનો સંદેશ પ્રસરાવવો અને સૌમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વિકસાવવી તેમજ જ્ઞાતિ ધર્મથી પર રહી રાષ્ટ્રવાદ કેળવવાના વિષયોને આવરી લઈ આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.



આ એકતા યાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવન કવન અને યોગદાન વિષયક નિબંધ સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, ચર્ચા સ્પર્ધાઓ યોજાશે તેમજ વિશેષ રથ સાથે રાષ્ટ્રીય એકતા અંતર્ગત વિડીયો પણ પ્રદર્શિત કરાશે.

આ વેબસાઈટ લોન્ચિંગ વેળાએ ગૃહના અધિક મુખ્ય સચિવ એ.એમ. તિવારી, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**જિલ્લામાં એક્તાયાત્રા ૧૭૪ ગામો સહિત**

## ચાર નગરપાલિકા અને ગાંધીનગર મહાનગરપાલિકામાં બે તબક્કામાં યોજાશે

ગાંધીનગર, તા. ૫

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ અને સરદાર સાહેબનો એક્તા અખંડિતતાનો સંદેશ તથા રાષ્ટ્ર માટે સમર્પણનો સંદેશ ઉજાગર કરવા ગાંધીનગર જિલ્લામાં તા. ૨૦-૧૦-૧૮ થી તા. ૨૯-૧૦-૧૮ અને તા. ૧૨-૧૧-૧૮ થી ૨૧-૧૧-૧૮ એમ બે તબક્કામાં એક્તા યાત્રા રથ દ્વારા ૧૭૪ ગામો સહિત ચાર નગરપાલિકા અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં એક્તા યાત્રા યોજાશે.

ગાંધીનગર જિલ્લામાં એક્તા યાત્રા રથના આયોજન અંગે જિલ્લા કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમીક્ષા બેઠકમાં દહેગામ તાલુકાના ૫૭, ગાંધીનગર તાલુકાના ૩૩, કલોલ તાલુકાના ૪૫ અને માણસા તાલુકાના ૩૯ ગામો મળી કુલ- ૧૭૪ ગામો અને પેથાપુર, માણસા, કલોલ અને દહેગામ નગરપાલિકા સહિત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં એક્તા યાત્રાનો રૂટ નક્કી કરવામાં આવ્યો હતો. સરદાર સાહેબનો એક્તા અને અખંડિતાનો સંદેશ ગાંધીનગર જિલ્લાના ગામે ગામ અને ઘેર ઘર સુધી ગુંજતો કરીને લોકોમાં રાષ્ટ્ર માટે સમર્પણની ભાવના ઉજાગર થાય તેવું ગ્રાસરૂટ લેવલે અસરકારક આયોજનની સૂચનાઓ જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ વિવિધ વિભાગોના અધિકારીઓને આપી હતી. એક્તા યાત્રા દિવસમાં દસ ગામો ફરશે. એક્તા યાત્રા દરમ્યાન ગામમાં ગીતો, રાષ્ટ્રીય એક્તા, મજબૂત ભારત, સરદાર પટેલના જીવન ચરિત્ર ઉપર નાટકો ભજવવા, સરદાર પટેલના જીવન ચરિત્ર ઉપર નાટકો ભજવવા, ગામની મહિલાઓ દ્વારા એક્તા યાત્રા રથની આરતી અને પુંજા કરી એક્તા પ્રતિજ્ઞા લેવડાવી રથમાં રાખેલ વીઝીટર બુકમાં પ્રતિભાવો લખવા, રથમાં રહેલ સરદાર પટેલની પ્રતિમા પાસે ફૂલો અર્પણ કરવા, વિવિધ વિભાગો દ્વારા સ્થાનિક ગામ લોકોને સાહિત્ય વિતરણ તથા રથની સાથે બાઈક સવારોની રેલીનું આયોજન કરાશે.

નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા અને એક્તા યાત્રાના નોડલ અધિકારી અને નાયબ ખેતી નિયામક મહાવીરસિંહ વાઘેલાએ એક્તા યાત્રાના આયોજન અંગે સંબંધિત અધિકારીઓને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જી.પી. બ્રહ્મભટ્ટ, નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.વી. બારૈયા, કલોલ-ગાંધીનગર પ્રાંત અધિકારીઓ તથા જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## આજે સત્યાગ્રહ છાવણી ખાતે તલાટીઓનો ધરણાં કાર્યક્રમ

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજયના પંચાયત વિભાગના તલાટી કમ મંત્રીઓ દ્વારા રાજય તલાટી મહામંડળના નેજા હેઠળ આવતી કાલે તા. ૬ઠ્ઠી ઓકટોબર શનિવારના રોજ ગાંધીનગરના સે-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકાર સમક્ષ તેમના વિવિધ પડતર પ્રશ્નોના સંદર્ભે રાજયભરના ૮ હજાર જેટલા પંચાયત તલાટી કમ મંત્રીઓ ઉમટી પડશે તેવો અંદાજ મહામંડળ દ્વારા રજુ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજય તલાટી મહામંડળ દ્વારા સરકારના તા. ૨૪મી ઓકટોબર ૨૦૧૭ના પરિપત્રની શરત નં. ૪, ૫ અને ૬ને રદ કરવા, તલાટી કમ મંત્રીને વિસ્તરણ અધિકારી, પંચાયત આંકડા, સહકાર આઈઆરડી તથા નાયબ ચીટનીશમાં પ્રમોશન સામે, ૨૦૦૬ પહેલા નિમણુંક પામેલ તલાટી કમ મંત્રીના ફિકસ નોકરીના સમયગાળાને સળંગ ગણવા, તા. ૧૪મી ઓકટોબર ૨૦૧૭ના પરિપત્ર મુજબ મહેસુલ તલાટીનો જોબ ચાર્જ બનાવવા અથવા તા. ૧૨મી સપ્ટેમ્બરના કેડર મર્જ કરવાના ઠરાવનો અમલ કરવા તથા નવી પેન્શન યોજના બંધ કરી જૂની પેન્શન યોજના ચાલુ કરવાની માંગ સાથે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં યોજવામાં આવ્યા છે.

# નવરાત્રિમાં પાર્કિંગ ક્ષમતા મુજબ જ પાસ વહેંચવા પડશે

## ટ્રાફિક, પાર્કિંગ, સીસીટીવી, સલામતીના મુદ્દાઓને લઇને આ વખતે ગરબાની મંજૂરી માટેની અરજીમાં ઘટાડો થયો

ગાંધીનગર,તા. ૫

શહેરની ક્લબ, પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસમાં ગરબા રમવા જવા ઈચ્છતા ખૈલેયાઓ અને યુવાવર્ગે પોતાના વાહનોના પાર્કિંગની ચિંતા કરવી પડશે, કારણ કે આ વર્ષે પાર્કિંગના મુદ્દે પોલીસનું કડક વલણ હોવાથી દરેક ગરબાના આયોજકને પોલીસે પાર્કિંગની જેટલી વ્યવસ્થા હોય તેટલા જ પાસ વહેંચવા માટે સૂચના જારી કરાઈ છે. એટલું જ નહી, ટ્રાફિક અને પાર્કિંગના મુદ્દે પોલીસનું વલણ આકરું હોવાના કારણે ગરબા આયોજકોના આયોજનમાં પણ જાણે આ વખતે ભંગ પડયો છે. જેને લઈ આ વર્ષે ટ્રાફિક-પાર્કિંગ, સીસીટીવી કેમેરા અને સલામતી-સુરક્ષાના મુદ્દાઓને લઈ આ વખતે ગરબાની મંજૂરી માટેની અરજીઓમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. હજુ સુધી માત્ર ૨૫થી વધુ કિસ્સામાં જ રાસ-ગરબાના આયોજન અંગેની ગરબા આયોજકોની અરજીઓ પોલીસ તંત્ર સમક્ષ મંજૂરી માટે આવી છે, જેને ઘણી ઓછી કહી શકાય. જો કે, હજુ નવરાત્રિના આડે પાંચ દિવસ બાકી હોઈ આ અરજીઓમાં વધારો થવાની ચોક્કસ શકયતા છે પરંતુ તેમછતાં આ વખતે ગરબાનું આયોજન એટલું સરળ નથી. પોલીસની મંજૂરી લેતી વખતે આયોજકોને પાર્કિંગ બાબતે ખાસ સૂચના આપવામાં આવી રહી છે. જો પાર્કિંગમાં જગ્યા નહીં હોય અને ખેલૈયાઓ બહાર રોડ પર વાહન પાર્ક કરી ગરબે ઘૂમવા જશે તો ટ્રાફિક પોલીસ તેમનાં વાહન ટોઈંગ કરીને લઈ જશે. નવરાત્રી આડે પાંચ દિવસ બાકી છે ત્યારે રાસ-ગરબાના આયોજનની મંજૂરી માટે હજુ સુધી ખાસ કોઈ અરજીઓ આવી નથી. હજુ સુધી માત્ર ૨૫થી વધુ અરજીઓ પોલીસને મળી છે, જોકે નવરાત્રિના બે દિવસ પહેલાં જ મંજૂરી માટે આયોજકો ભાગદોડ કરતા હોવાથી છેલ્લા દિવસોમાં



મંજૂરીનો આંકડો વધે તેવી શક્યતા છે. આ વર્ષે પોલીસ દ્વારા પાર્કિંગને લઈ કડક વલણ અપનાવાતાં હવે ગરબાના આયોજકોએ પાર્કિંગની ક્ષમતા મુજબ જ પાસ વહેંચવાના રહેશે. ક્લબ, પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસની બહાર રોડ મુખ્ય રોડ પર એક પણ વાહન પાર્ક કરવા દેવામાં આવશે નહિ. ગરબાના આયોજકોને મંજૂરી આપતા સમયે પોલીસ દ્વારા કેટલીક સૂચનાઓ આપવામાં આવી છે.

ગરબાના સ્થળે અને પાર્કિંગમાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે. ક્લબ, પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસમાં ખેલૈયાઓ, જેમાં ખાસ કરીને મહિલાઓની સુરક્ષાની વિશેષ તકેદારી રાખવી પડશે. મહિલા અને પુરુષ બંને સિક્યોરિટી રાખવા પડશે. પાર્કિંગ પૂરું પાડવાની જવાબદારી ગરબા આયોજકોની છે, જેથી આયોજકોએ પાર્કિંગની સ્થિતિ શું છે એની માહિતી આપવી પડશે ત્યારે જ પોલીસ દ્વારા મંજૂરી આપવામાં આવશે. શહેરમાં મોટા ગરબાના આયોજકોએ આ વર્ષે પાર્કિંગને લઈ ગરબા માટે જગ્યા ઓછી રાખવાની ફરજ પડશે. શહેરમાં ઘણા એવા પાર્ટી પ્લોટ આવેલા છે, જેમાં પાર્કિંગની ક્ષમતા ખૂબ જ ઓછી છે, જેના કારણે તેમને આસપાસમાં ખાલી પ્લોટ અથવા અન્ય વૈકલ્પિક જગ્યા ભાડે લેવાની ફરજ પડી છે, જેથી પાસના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે ગરબાની મંજૂરી માટે પાર્કિંગને લઈ બહુ જ ઓછી જગ્યાએ રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાય છે, જેના કારણે ચાલુ વર્ષે શેરી ગરબા અને સોસાયટીઓમાં રાસ-ગરબાની રમઝટ વધારે જોવા મળશે. અમદાવાદની રાજપથ અને કર્ણાવતી ક્લબમાં પણ આ વખતે પાર્કિંગના કારણે માત્ર ક્લબના મેમ્બર માટે જ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓને કોઈ તકલીફ પડે તે રીતે કોઈ કામગીરી નહિ કરે પણ લોકોને તકલીફ પડે તે રીતે રોડ પર આડેધડ પાર્કિંગ કરશે તો તેની સામે ચોક્કસ કાર્યવાહી કરશે. નવરાત્રી દરમ્યાન પોલીસ દ્વારા મોડી રાત સુધી ખાસ પેટ્રોલિંગ કરવામાં આવશે. મહિલા આયોગ દ્વારા પણ નવરાત્રીમાં મહિલાઓની સુરક્ષાને ખાસ ધ્યાન આપવાનું જણાવવામાં આવ્યું છે. સ્પેશિયલ બ્રાન્ચના એસીપી એમ.કે. રાણાએ જણાવ્યું હતું કે ક્લબ, પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસમાં પાર્કિંગને ધ્યાનમાં રાખીને પાસ વહેંચવા સૂચના અપાઈ છે.